# જાગીને જોઉં તો....

–આશા વીરેન્દ્ર

ઘણીવાર એવું બનતું હોય છે કે આપણને લાગે કે આજનો દીવસ આપણે માટે સુખદ આશ્ચર્યો લઈને આવ્યો છે. જુઓને, આજની જ વાત કરું તો ઘરેથી નીકળીને હું ચાર રસ્તે પહોંચ્યો ત્યારે મેં જોયું કે બાઈક પર સવાર એક યુવાન સીગ્નલ તોડીને આગળ વધી ગયો. ડ્યુટી પર ઉભેલા પોલીસે જોરથી સીટી મારી કે તરત પેલો યુવાન થોભી ગયો. હાથના ઈશારાથી પોલીસે એને પોતાની પાસે બોલાવ્યો.

‘કેમ ભાઈ, એટલી બધી ઉતાવળ આવી ગઈ છે કે સીગ્નલ પણ દેખાતો નથી ? આટલી ઝડપ કેટલી જોખમી છે એ ખબર છે ?’

મને થયું કે યુવાન પાસેથી લીલી નોટ પડાવવાની આ તરકીબ છે; પણ જોઉં તો ખરો, આગળ શું થાય છે તે !

અત્યંત નમ્રતાપુર્વક પેલા યુવાને કહ્યું, ‘આઈ એમ રીયલી વેરી સૉરી. ઑફીસના કામના વીચારોમાં એવો તો ખોવાઈ ગયો હતો કે લાલ લાઈટ પર મારું ધ્યાન જ ન ગયું.’

કોઈ મોટોભાઈ પોતાના નાનાભાઈને પ્રેમથી સમજાવતો હોય એમ એના ખભા પર હાથ મુકીને પોલીસે કહ્યું, ‘જો, આજની તારી ભુલ માફ કરું છું; પણ ફરીથી આવું ન બનવું જોઈએ. ને એ પણ સમજ કે ઑફીસનાં કામ કરતાં તારા જીવની કીમત વધુ છે, ભાઈ ! આ રીતે સીગ્નલ તોડવો બહુ ખતરનાક છે. હવેથી ધ્યાન રાખજે, હં ! હવે જા, તારે ઑફીસનું મોડું થતું હશે.’

‘થેન્ક યુ વેરી મચ. હવેથી હું ટ્રાફીકના નીયમોનું બરાબર પાલન કરીશ, આય પ્રોમીસ.’

બંનેએ હસીને હાથ મીલાવ્યા. હું તો જોતો જ રહી ગયો ! શું આપણા દેશમાં આવી ઘટના શક્ય છે? પણ આ તો માત્ર શરુઆત જ હતી. થોડું આગળ ચાલ્યો ત્યાં જોયું કે લાઈનબંધ ઉભેલી ટ્રકોનું ચેકીંગ ચાલતું હતું. એક ટ્રક ડ્રાઈવરને એનું લાયસન્સ રીન્યુ ન કરાવવા બદલ પોલીસે પકડ્યો. આદતસે મજબુર એવા ટ્રક ડ્રાઈવરે લુચ્ચું હસતાં સો રુપીયાની નોટ પોલીસના હાથમાં મુકવાની કોશીશ કરી.

‘તારા મનમાં તું સમજે છે શું ? તું લાંચ આપીશ ને હું પીગળી જઈશ, એમ ? મારે માટે મારી ડ્યુટી જ મારો ધર્મ છે. મને લાલચમાં ફસાવવાનો પ્રયત્ન કર્યો તો મારો જેવો ભુંડો કોઈ નથી સમજ્યો ?’

‘માફ કરો સાહેબ, ભુલ થઈ,’ ડ્રાઈવરે કરગરતાં કહ્યું.

‘લાંચ લેનાર અને લાંચ આપનાર બંને સરખા ગુનેગાર છે એ તને નથી ખબર ? હું સમજું છું કે તારે પત્ની અને બાળકો હશે; કદાચ વૃદ્ધ મા–બાપ પણ હોય. આ બધાની જવાબદારી તારા પર છે માટે જ તને જવા દઉં છું.’

મને મારા કાન પર ભરોસો નહોતો બેસતો. શું આ એ જ પોલીસદાદા છે જે આળસુ, લાંચીયા, ભ્રષ્ટ અને બેજવાબદાર તરીકે પંકાયેલા છે ? એકાએક મારી નજર ૬૦-૬૫ વરસની વૃદ્ધા પર ગઈ જેને ધુંટણની તકલીફ હોવાને કારણે રસ્તો ઓળંગતાં બહુ મુશ્કેલી પડતી હતી અને ચારેબાજુથી આવતાં ધસમસતાં વાહનોને કારણે એ ગભરાઈ પણ ગઈ હતી. હજી હું એની મદદે જવાનો વીચાર કરું ત્યાં એક પોલીસ દોડતો આવ્યો અને કહેવા લાગ્યો :

'મા, ગભરાવ નહીં. મારો હાથ પકડી લો. હું રસ્તો ક્રોસ કરાવી દઉં.' માજીએ 'ઈશ્વર તારું ભલું કરે, ભાઈ !' એમ કહેતાં એનો હાથ પકડી લીધો. સામી બાજુએ એક બાંકડો હતો તેના પર માજીને બેસાડતાં એણે કહ્યું, 'મા, તમે થાકી પણ ગયાં છો અને ગરમી પણ બહુ છે. તમે અહીં ઘડીક બેસો ત્યાં હું તમારે માટે પાણી લઈ આવું.'

આ હૃદયદ્રાવક દૃશ્ય જોઈને મારી આંખમાં પાણી આવી ગયાં. મને થયું, ક્યારે ઘરે જાઉં ને ક્યારે પત્નીને આ પ્રેરક પ્રસંગોની હારમાળાની વાત કરું. સાંજે ઘરે પહોંચીને સૌથી પહેલાં પત્નીને આજની અજાયબ ઘટનાઓ વીશે કહ્યું. પણ એ તો નવાઈ પામવાને બદલે નવાઈ પમાડવાનું નક્કી કર્યું હોય એમ બોલી,

'તમારા અનુભવોથીય ચડીયાતો અનુભવ આજે મને ઘરે બેઠાં થયો. તમે ઘરેથી નીકળ્યા પછી થોડીવારમાં અહીં પોલીસની વાન આવી. પોલીસો ત્રણ ટુકડીમાં વહેંચાઈ ગયા. શું ચાલી રહ્યું છે એ મહોલ્લાવાસીઓ સમજે એ પહેલાં તો તેઓ સલીમ સ્મગ્લર, બીરજુ બુટલેગર અને ગોપીનાથ ગેમ્બલરને બાવડેથી ઝાલીને ચોકની વચ્ચોવચ લઈ આવ્યા.'

'શું વાત કરે છે ? મારા તો માનવામાં નથી આવતું !'

'અરે, આટલું જ નહીં, એમના વડાએ સૌને કહ્યું – જરાપણ ગભરાયા વીના આવાં ગુંડાંતત્ત્વોની અમને જાણ કરો. અમે ચોવીસ કલાક તમારી સેવામાં હાજર છીએ.'

'બસ, બસ. હવે આગળ વધુ સાંભળીશ તો હું ગાંડો થઈ જઈશ.'

'ગાંડા થવાની કંઈ જરુર નથી. હવે પોલીસખાતામાં ધરમુળથી ફેરફાર થઈ જવાના છે. ક્રાંતી થશે ક્રાંતી !'

સાચે જ આને ક્રાંતી કહેવાય. જે સલીમ સ્મગ્લર, બીરજુ બુટલેગર અને ગોપીનાથ ગેમ્બલર આખા મહોલ્લાનાં માથાંનો દુ:ખાવો થઈ ગયા હતા, જેમના રંજાડની બીકે સૌ થરથર કાંપતા હતા એ જોતજોતાંમાં જેલના સળીયા પાછળ ! આજના બનાવોથી મારું મગજ એવું તો ચકરાવે ચઢ્યું હતું કે, હવે મને ચા પીવાની સખત તલપ લાગી હતી. જાણે મારા વીચારનો પડઘો પાડતી હોય એમ પત્નીએ કહ્યું,

'ચાલો, ગરમાગરમ ચા પીવડાવીને તમને ખાતરી કરાવું કે આજે બનેલી બધી વાત સાચી છે અને હવે આપણે ગર્વથી 'મેરા ભારત મહાન'ના નારા લગાવી શકીશું.'

પત્ની ટ્રેમાં ચા લઈને આવી. મને ચા પીવાની એટલી ઉતાવળ આવી ગઈ હતી કે તરાપ મારીને ટ્રેમાંથી કપ લેવા ગયો, ત્યાં કપ છટક્યો ને ધગધગતી ચા મારા પર પડી. પણ આશ્ચર્ય ! મને જરાય ગરમ કેમ ન લાગ્યું ?

ફટાક કરતી મારી આંખ ખુલી ગઈ. ઘડીયાળમાં જોયું, રાતના બે વાગ્યા હતા. સુંદર મજાનું સ્વપ્ન ભંગ થવાના અફસોસ સાથે હું ગાઈ ઉઠ્યો, ‘જાગીને જોઉં તો, જગત દીસે નહીં...’

(એ.સી. તુલીની અંગ્રેજી વાર્તાને આધારે)

–આશા વીરેન્દ્ર

‘ભુમીપુત્ર’ પાક્ષીકના છેલ્લે પાનેથી સાભાર...

●●●

સર્જક–સમ્પર્ક :

બી–401, દેવદર્શન, હાલર, વલસાડ– 396 001

ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137

ઈ–મેઈલ : avs_50@yahoo.com

‘હરીશ્ચન્દ્ર’ બહેનોના દેહાવસાન પછી, વર્ષોથી ‘ભુમીપુત્ર’ને છેલ્લે પાને આવતી વાર્તા આપવાનું કામ બહેન આશા વીરેન્દ્રે સંભાળ્યું છે. એમની પાસેથી આપણને ગુજરાતી સીવાયની અન્ય ભાષાઓમાં રચાયેલી નાનકડી જીવનલક્ષી વાર્તાઓ નીયમીત મળતી રહે છે..

..ઉત્તમ ગજ્જર..

●●●●●

‘સન્ડે ઈ-મહેફીલ’ - વર્ષ : નવમું - અંક : 285 – December 15, 2013

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર uttamgajjar@gmail.com

@ @ @ @ @

More than 2,59,00,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 24,18,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 5,61,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

@ @ @ @ @ @ @ @ @